

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧



## સલામી સવારની..

થાય છે પડાપડી, ટેકા આપવા મેચ જામી છે,
નિવેદનીયા યુદ્ધ પછી શાંતિની પેંચ જામી છે,
રેચ લાગી છે હવે ખૂબ ખાયકી કરનારાને -
સેવા ને શિસ્તના સંઘમાં ખેંચ જામી છે!



## હાઈકુ

ચૂસાઇ જશે!
મિડિયા ને સાંસદો -
ચાય પે ચર્ચા..
(ચૂસકીની ભૂરકી)

સ્થપાઇ જશે,
કટ્ટર-ખટ્ટરોથી
કેસરી રાજ
(હવે કાશ્મીર-ઝારખંડનો વારો)

## ચિંતન

**નિરક્ષરે વીક્ષ્ય મહાધનત્વં વધાનવધા વિદુષા ન હેયા ।**
**રત્નાવતંસા કુલટાઃ સમીક્ષ્ય કિમાર્ય નાર્યઃ કુલટા ભવન્તિ ॥**

જે તદ્દન અભણ-નિરક્ષાર હોય છતાં પણ તેનું ખૂબ ધનવાન પણું જોઇ - ને સમજું શિક્ષિત માણસ કંઇ પોતાની પવિત્ર વિદ્યાનો ન કરવો જોઇએ. (અર્થાત એમ ન માની લેવું કે પોતાની વિદ્યા નિરર્થક છે.)

જેમ કુલટા-ચરિત્રહીન હોવા છતાં એવી સ્ત્રી હીરા-મોતીનાં ઝવેરાત ભર્યા આભૂષણ થી લદાયેલી રહેતી હોય તો તેણીને જોઇને પવિત્ર-સતી-સન્નારી કંઇ કુલટા થઇ જતી નથી.

ધન-સંપત્તિ તો પૂર્વે જન્મો ના કર્મથી, વારસાગત પણ મળતી હોય છે જેના સદ્ભાગ્ય હોય તે અભણ-નિરક્ષણ હોવા છતાં અબજોપતિ હોઇ શકે છે તેથી કરીને વિદ્વાન-પંડિતે હતાશ થઇ જવાની જરૂર નથી.

જેમ કુલટા સ્ત્રી ઘરેણાં-આભૂષણથી લદાયેલી હોય તેને જોઇ સન્નારી સ્ત્રી કંઇ કુલટા થઇ જતી નથી.

## સુવિચાર

- પલભર જો આપ બુદ્ધિને તડકે મૂકી શકો..
  ખુદને ખુદાની સમીપે મૂકી શકો... **- અખંડ આનંદ**
- બદલાયા વગર આગળ વધી શકાતું નથી, કારણ કે આપણે જેવા બનવું હોય એ સ્વરૂપે ભગવાન આપણને જન્મ નથી આપતો **- વજુ કોટક**
- છીછરા લોકો ભૂતકાળની વાતો કરે છે, ડાહ્યા માણસો વર્તમાનની અને મૂર્ખાઓ ભવિષ્યની **- અમૃતબિંદુ**
- 'સમય' એટલે 'સમ' એટલે કે સરખો અને 'મય' એટલે મગ્ન... સમય સાથે જે સરખો મગ્ન રહે છે તેને ઉંમરનો થાક લાગતો નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગી તન્હા સફર કી બાત હૈ....
  અપને અપને હોંસલે કી બાત હૈ... **- જાનિસાર અખ્તર**
- દુર્ભાગ્ય હંમેશા તેને જ નડે છે જે પોતાની જાતને દુર્ભાગ્ય માટે જ સાચવી રાખે છે **- જનકલ્યાણ**
- પરસ્પરની કમજોરીને સ્વીકારીને સકારાત્મક પાસુ બનાવવા માટેની તૈયારી અને ફરિયાદો વિનાનો પ્રેમભર્યો સંબંધ **- હૃદયસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણા વડાપ્રધાનશ્રી માતાજીના-માતૃભક્ત છે નવરાત્રીના અપવાસમાં અન્ન ત્યાગી માત્ર પ્રવાહી ફળોના રસ પર રહે છે. દર જન્મ દિવસે કે કોઇ પણ સારા પ્રસંગ મા હીરાબાના આશીર્વાદ અચૂક લે છે. વડાપ્રધાન થયા પછી અતિવ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ ચીનના પ્રમુખ આવ્યા હતા છતાં જન્મદિવસે 'મા'ના આશીર્વાદ લેવા અમદાવાદ આવી જ ગયા..

વિશ્વ વિજયી નેપોલિયને અનેક યુદ્ધ કર્યા. એટલે એનું હૃદય કેવું પાષાણની શીલાઓ જેવું કઠોર હશે...?!

ઇંગ્લેન્ડના યુદ્ધ કેદીની ધરપકડ થઇ અને ફ્રાંસની જેલમાં પૂરવામાં આવ્યો. આ કેદીનું નામ હતું 'રોબર્ટ ગાર્ડીયન..'

થોડા સમય પછી ગાર્ડીયન જેલમાંથી છટકીને ભાગી જવાનો પેંતરો રચ્યો - પણ અફસોસ! થોડા જ કલાકોમાં એ પકડાઇ ગયો. અને તેને નેપોલિયન પાસે રજૂ કરવામાં આવ્યો. સૌનું અનુમાન હતું કે રોબર્ટ ને ફાંસી નક્કી...!

નેપોલિયને ગાર્ડીયનને પુછ્યું. તેં જેલમાંથી નાસી જવાનું કયા કારણસર વિચાર્યું?

રોબર્ટ કહે - મારી મા બિમાર છે મને મળી જવાનો સંદેશો આવ્યો. નેપોલિયને તેને તાત્કાલિક 'મા'ને મળવાની વ્યવસ્થા ગોઠવી દીધી. પથ્થર હૃદયમાં પણ માતૃભક્તિનું કેવું કોમળ ઝરણું??

Email - sureshchandrabhatt18@gmail.com

# સરકાર જયારે પ્રવાસનને પ્રોત્સાહન આપતી હોય ત્યારે આવું બધું તો બનવાનું, પણ એક વાત નક્કી છે લોકોને શહેરના મોલ અને ભીડભર્યા બજારો કરતાં નિસર્ગની આ સુંદરતા અને શાંતિ ગમે છે



## હરિયાળું હરણોદ્યાન

-નટવર હેડાઉ 'વનવિહારી'

દિવાળીના તહેવારો દરમિયાન પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવાસીઓનો ધસારો ખુબ જ રહે છે. આજે પણ સવારથી રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ બાળકો, મહિલાઓ અને યુવાનોના જૂથો પ્રકૃતિ ઉદ્યાનમાં ભીડ જમાવવા લાગ્યા હતા. પાર્કીંગની જગ્યામાં ટૂ વ્હીલર અને ફોર વ્હીલર ઉપરાંત રાજયનાં જુદા જુદા પ્રવાસીઓને લઈને આવતી ટ્રાવેલ્સની બસોની સંખ્યા પણ સારી એવી હતી. રજાની મજા માણવામાં સૌ મશગુલ હતા. ટિકીટ બારી પણ બે કાઉન્ટરો કરવા પડ્યા હતા. ટિકીટ બારીથી દરવાજાની બહાર સુધી કારો અને સ્કુટરોની લાઈનો હતી. ટિકીટબારી પર પડાપડી ન થાય તે માટે ખાસ માણસો રોકીને પ્રવાસીઓને શિસ્તપૂર્વક લાઈનમાં ઊભા રહેવાની વ્યવસ્થા ગોઠવીને હું આવીને પાર્કની કચેરીની બહાર ખુરશી પર બેઠો હતો. ઝવેરીલાલને મેં દૂરથી આવતા જોયા. તે એક ફોટો જર્નાલીસ્ટ હતા. અવારનવાર અહીં આવતા તેથી હું તેમને ઓળખતો હતો. બ્લેક પેન્ટ વ્હાઈટ શર્ટ અને બ્લેક કલરના જેકેટ તેમજ ચમકતાં બૂટ સાથે માથે કાળા કલરની મોટી હેટ અને ખભે ટીંગાડેલ કેમેરો જોઈને સહજ રીતે કોઈ પણ તેમને ઓળખી જાય ઉંમર સીત્તેરથી વધુ હશે પણ ચાલમાં જોમ અને જુસ્સો હતો તેવી જ વાક્છટા પણ ખરી તે નજીક આવ્યા એટલે મેં તેમને આવકારતા કહ્યું.

'કેમ છો? આવો... આવો...'

'એક ગ્લાસ પાણી મળશે?'

'કેમ નહીં, હાં, અહીં માત્ર પાણી જ મળશે.' મેં જ પર જરા ભાર દઈને કહ્યું.

'મતલબ'

'આ પ્રકૃતિઉદ્યાન છે. તેથી પાણી સિવાય ચ્હા, કોફી કે ઠંડા પીણાં અહીં મળતાં નથી. મેં કચેરીના સેવકને સૂચના આપી એટલે એ ટ્રેમાં બે ગ્લાસ પાણી લઈ આવ્યો. ઝવેરીલાલે ખીસ્સામાંથી રૂમાલ કાઢી ચહેરો લૂંછ્યો પછી બંને ગ્લાસ પાણી ગટગટાવી ગયા.'

'હાશ!' આ તો પ્રકૃતિ ઉદ્યાન છે કે પ્રેમી ઉદ્યાન? તેમણે મને સીધો જ પ્રશ્ન કર્યો.

'કેમ?'

'હું છેલ્લા બે અઢી કલાકથી આવ્યો છું. અંદર બધે જ ફરી આવ્યો. મારે પક્ષીઓના થોડા ફોટોગ્રાફ લેવા હતા પણ ધક્કો પડ્યો.'

'તો પછી?'

'પછી શું અમે ફોટોગ્રાફર જે જડ્યું તેના ફોટા લીધા વિના તો રહી શકીએ નહીં ને. તેમાં પણ ફોટો જર્નાલીસ્ટ માટે તો કંઈક સનસનીખેજ મળે તો બીજું શું જોઈએ.'

'એટલે એવું તમને શું મળ્યું?' મેં પુછી નાખ્યું.

'શું નથી મળ્યું એમ પુછો, પ્રકૃતિ ઉદ્યાનના રસ્તા અને પાંજરાનાં પ્રાણીઓમાં તો મને રસ હોય જ નહીં તેથી જંગલ અને ઝાડી ઝાંખરાવાળા વિસ્તારમાં હું ગયો હતો. પંખીડાઓ ને શોધવા પણ મોટા ભાગના માનવ પ્રેમી પંખીડા જ જોવા મળ્યા.'

'માનવ પણ છેવટે તો પ્રકૃતિનો એક ભાગ જ છે ને' મેં વાત ને વાળી લેવા માટે કોશિશ કરી.

'અરે ભઈ એવું નથી. પ્રકૃતિમાં આપણી આર્ય સંસ્કૃતિ વિકસી છે એ તો હું પણ જાણું છું પણ હું વાત કરું છું એ વિકૃતિની છે. જયાં જુઓ ત્યાં યુવાન છોકરા છોકરીઓ મોંઢામાં મોઢું ઘાલીને પડ્યાં હોય, કયાંક બિભત્સ હાલતમાં જોવા મળે. કયાંક કુચેષ્ટાઓ કરતાં અર્ધનગ્ન હાલમાં પડ્યાં હોય આ બધું કેવું લાગે?'

'તમારી વાત સાચી છે. આવું ન થાય એ માટે અમે અંદર ફરતાં માણસો પણ મુક્યા છે.'

'એ મારા વ્હાલા અંદર ઝાડીમાં સંતાઈને આ દશ્યો જોવાની મજા માણતા હોય છે એવું પણ મને જોવા મળ્યું. કયાંક કોઈક પૈસા પણ ઉઘરાવતા હશે. એવું લાગે છે?' ઝવેરીલાલે કહ્યું.

'એમાં તો એવું છે ને કે આ પૃથ્વી પર જેમ બીજાં દુષણો અને પ્રદૂષણો વધ્યા છે. તેમ અહીં પણ તમને જોવા મળ્યા હશે. પ્રકૃતિને માણવાના ઉદ્દેશથી બનાવેલા આ ઉદ્યાનમાં કયાંક આ બધું જોવા મળ્યું એ દુઃખદ કહેવાય અમે તેને અટકાવવાની કોશિશો જરા વધુ કરીશું?' મેં તેમને આશ્વાસન આપ્યું.

'વ્યર્થ છે.... બધું જ વ્યર્થ...'

'કેમ...?'

'એક જગ્યાએ એક કપલને મેં સમજાવવાની કોશિશ કરી. તેનો ફોટોગ્રાફ પણ લીધો છે. છોકરી આવીને મારી સાથે ઝઘડવા લાગી. મારા પપ્પાને ઓળખો છો?'

'કાલે છાપામાં આ ફોટો આવશે ત્યારે દુનિયા તને અને તારા પપ્પાને બંનેની ઓળખી જશે.' આટલું કહેતા તો છોકરા એ મારો કેમેરો ઝુંટાવવાની કોશિશ કરી માંડ માંડ અહીં આવ્યો છું.

'પણ બાપુ તમે પંખીડાનાં ફોડા લેતાં લેતાં આ પ્રેમીપંખીડાના પોટાના રવાડે કયાંથી ચડ્યા.' તમે વિચારો છો એવું નથી. તમને અનુભવ થયા એવા અનુભવો અહીં અમને અને અમારા સ્ટાફને પણ થાય છે. કેમ કે આ પાટનગર છે. અહીં મોટા મોટા નેતાઓ અને અધિકારીઓ રહે છે. તેમના સંતાનોને પપ્પાની સત્તાનો કેટલો મદ હોય છે એ તો તમે જોઈ લીધું ને' મેં કહ્યું.

'તમે હમણાં તો ઘણા વખતે આવ્યા ખરું ને?'

'હાં, ભઈ અમારે તો આના સિવાય પણ ઘણું ઘણું હોય કયાંક અકસ્માત, ખૂન, બળાત્કાર કે આતંકવાદી હુમલો થયો હોય, કયાંક રાજકીય કે સામાજિક મેળાવડા હોય અથવા શહેર કે નગરના કોઈ પ્રશ્નો હોય તેને પણ કેમેરાની આંખે કંડારીને અખબારને આપવાનાં હોય છે.'

'તો પચી આ બાજુ અચાનક?'

'આ તો વચ્ચે છાપામાં વાંચેલું કે અહીં કલરવ સંકુલનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી કર્યું છે. આ 'કલરવ સંકુલ' કયાં છે. મને તો કયાંક દેખાયું નહીં.'

'બોલો કરો વાત કેડમાં છોકરુંને ગામમાં શોધવા નીકળ્યા હોં એવી તમારી વાત છે.'

'કેમ?'

'આપણે બેઠા છીએ તેની બિલકુલ સામે જે બગીચો દેખાય છે. તેને જ 'કલરવ સંકુલ' નામ અપાયું છે. પહેલાં અહીં જૂનું પાર્કીંગ હતું. મુલાકાતીઓની સંખ્યા વધતાં પાર્કીંગને આગળ લઈ ગયા અને આ જગ્યામાં બગીચો બનાવ્યો છે. સામે દેખાય એ પાણીની પરબ અને તેની બાજુમાં ગુજરાતના જંગલો, પ્રાણીઓ અને જૈવિક વિવિધતાની માહિતી તકતીઓમાં લગાવીને મુકી છે. બાજુમાં મોટું સ્ટેજ બનાવ્યું છે. ત્યાં અવારનવાર પ્રકૃતિ અને પર્યાવરણ વિષય પર નાટકો, ક્વિઝ પ્રોગ્રામ કે સંવાદો જેવા ખાસ કાર્યક્રમો પણ ગોઠવીએ છીએ. મુલાકાતીઓનો ધસારો જોતાં તેમનાં માટે શૌચાલયની સુવિધા પણ અહીં ઊભી કરાઈ છે. વળી સ્ટેજના પાછળના ભાગમાં સાહિત્ય વેચાણ કેન્દ્ર પણ બનાવવામાં આવ્યું છે. જેમાં પ્રકૃતિનાં વિવિધ પાંસાઓને લગતી માહિતી પુસ્તિકાઓ, સીડી, ડીવીડી અને 'સૃષ્ટિ' સામાયિકના અંકો પણ મળે છે. બગીચામાં સુંદર બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

'ભઈ તમે અહીં સર્વીસ કરો છો એટલે તમને આ બધું ગમતું હશે. મુલાકાતીઓ માટે સુવિધાઓ કરી છે એ પણ સારી વાત છે. પણ મારો પ્રશ્ન એ છે કે તેનાથી પ્રકૃતિ ઉદ્યાનનો જે ઉદ્દેશ છે તે સફળ થાય છે ખરો? પ્રકૃતિને માણવા આવનારા અહીં કેટલા છે? હું તો કયારનો જોઈ રહ્યો છું કે અહીં લોકો માત્ર પીકનીક કરવા આવ્યા હોય એવું લાગે છે. અમુક લોકો સાથે મેં વાત પણ કરી.'

'તમારી વાત સાચી છે. પણ સરકાર જયારે પ્રવાસનને પ્રોત્સાહન આપતી હોય ત્યારે આવું બધું તો બનવાનું. પણ એક વાત નક્કી છે લોકોને શહેરના મોલ અને ભીડભર્યા બજારો કરતાં નિસર્ગની આ સુંદરતા અને શાંતિ ગમે છે.'

'હું પણ એ જ કહું છું. જો આમ જ લોકોના ટોળેટોળાં આવતા રહેશે તો કુદરતની આ સુંદરતા ટકશે ખરી? વિચાર કરો હું બે અઢી કલાકથી આવ્યો છું. બધે ફરી આવ્યો પંખીઓનો કલરવ તો કયાંક સાંભળી શક્યો નથી. તમે જેને 'કલરવ સંકુલ' કહો છો ત્યાં પણ લોકોનો કલબલાટ જ સંભળાય છે. પ્રાકૃતિક સ્થળો એ પ્રવાસન વિકસાવવાની લગભગ બધે જ આવી હાલત હું છેલ્લા થોડા વર્ષોથી જોઈ રહ્યો છું. તે પછી નળ સરોવર હોય કે ગીર લોકો 'ખુશ્બુ ગુજરાત કી' માણવા આવે છે અને પ્રાકૃતિક સ્થળોએ પ્લાસ્ટીકની બોટલો, નાસ્તાના રેપરો અને પેપર પ્લેટો ફેંકીને ગંદકી અને કચરાના ઢગલાં કરે છે. તમે અહીં તેને સતત સાફસફાઈ રખાવો છો નહીંતર શું હાલત થાય તમે જ કહો?'

'તમારી વાત હું માનું છું. મને લાગે છે કે અખબાર કે ચેનલો જેવાં વિજાણુ માધ્યમોએ આ બાબતે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. જૂઓને 'કલરવ સંકુલ'માં ડસ્ટબીન (કચરાપેટી) મુકેલ છે છતાં લોકોમાં તેના પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. પણ શું થાય?'

'દંડ કરવો જોઈએ. જરૂર પડે તો સજા પણ કરી શકાય?' ઝવેરીલાલે આક્રોશપુર્વક કહ્યું.

'ભારતમાં આટલા બધા કાયદાઓ છે. તેમાં સખતમાં સખત દંડ અને સજાની જોગવાઈઓ પણ છે. છતાં ક્રાઈમ રેટ વધતો જ જા છે ત્યાં દંડ કે સજા કરતાં સમજાવટની અને ટેવો સુધારવાની જરૂર છે?'

'તે બીજી કઈ રીતે થાય?'

'પ્રેમથી અને કેળવણીથી, પ્રકૃતિ શિક્ષણમાં અહીં આવતાં બાળકોને અમે એ બધું સમજાવતાં હોઈએ છીએ. પણ સમજ કેળવાતાં વાર તો થવાની જ.'

'તમે બહું ઊંચા આદર્શની વાત કરો છો, ઠીક છે. લગે રહો...' કહેતાં ઝવેરીલાલ ઉભા થયા.

હું દૂર સુધી ઉભરાતા માનવ મહેરામણ સામે આશાની મીટ માંડી નિહાળી રહ્યો.

**(ક્રમશઃ)**

# આસોપાલવ આર્ટના સર્જક હર્ષાબેન સુરેશભાઈ ખારેચા

## મોંઘેરા મોતી

-નટવર આહલપરા



બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણેય દેવતાઓએ જયારે સૃષ્ટિસર્જન કરવાનો સંકલ્પ કર્યો ત્યારે તેઓએ ભગવાન શ્રી વિશ્વકર્માની આરાધના કરી અને સૃષ્ટિનું વ્યવસ્થિત સર્જન કરવા માટે વિનંતી કરી. તેઓની વિનંતી સાંભળી શ્રી વિશ્વકર્મા દાદાએ સૃષ્ટિનું સર્જન કર્યું. શ્રી વિશ્વકર્મા ભગવાનના વંશજ એટલે શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિજનો. આ જ્ઞાતિ પરંપરાગત રીતે પોતાની કલાકારીગરી તેમજ કલા કૌશલ્ય માટે આખીયે દુનિયામાં પ્રસિદ્ધ છે.

હર્ષાબેન પણ રાજકોટ મુકામે તેમના પરિવાર સાથે સ્થાયી થયેલા કલાકાર મહિલા છે જેમનો પરિચય પણ રસપ્રદ તવારીખોથી ભરપૂર છે. મહારાષ્ટ્રના ગોંદિયા શહેરના વતની એવા ગુર્જર સુતાર ગોપાલભાઇ નાગજીભાઇ ભાલારા (મૂળ ટંકારા લક્ષ્મીનારાયણ મંદિરવાળા) ની પાંચ દીકરીઓ પૈકી સૌથી મોટા હર્ષાબેનનો જન્મ મહારાષ્ટ્રના ગોંદિયા શહેરમાં ૨૧ ઓક્ટોબર ૧૯૬૨માં થયો. માતુશ્રી ભાનુબેન તથા પિતા ગોપાલભાઇએ તેમની પાંચેય પુત્રીઓને ઉચ્ચશિક્ષણ આપ્યું. ગોપાલભાઇ બીએ. બીએડ હતા અને શાળામાં શિક્ષક તરીકેનો વ્યવસાય કરતા હતા. ભાનુબેન અગિયાર ધોરણ ભણેલા હતા અને તેઓ પણ શિક્ષિકા હોવાથી આ દંપતીના બાળકોને સ્વભાવિક રીતે સારું વાતાવરણ અને સંસ્કાર બચપણથી જ મળેલા. માતાપિતાની ઇચ્છા એવી કે બાળકોને ઉચ્ચશિક્ષણ મળે અને જીવનને ખરા અર્થમાં સાર્થક કરે. મોરનાં ઇંડા ચીતરવા ન પડે તે કહેવત અનુસાર હર્ષાબેનની. શૈક્ષણિક કારકિર્દી પણ ઉચ્ચકક્ષાએ રહી.

ગોપાલભાઇના પિતા નાગભાઇને ફેક્ટરી હોવાથઈ ગોપાલભાઇ પણ શિક્ષકના વ્યવસાયની સાથે સાથે પિતાને ફેક્ટરીમાં મદદરૂપ થતા. હર્ષાહેન પણ પિતાની સાથે ફેક્ટરીમાં જાય અને અભ્યાસની સાથે નવું નવું કામ શીખે. હર્ષાબેને ૧૯૭૭માં ૧૦મું ધોરણ તથા ૧૯૭૯માં ૧૨મું ધોરણ પાસ કર્યું. ૧૯૮૨માં તેમણે બી.એ.ની ડિગ્રી મેળવી તથા ૧૯૮૪માં બી.એડ્.ની ડિગ્રી મેળવેલે છે. બી.એડ્.માં નાગપુર યુનિવર્સિટીમાં સેકન્ડ મેરિટ મેળવેલ છે.

શિક્ષણની સાથે સાથે હર્ષાબેનના જીવનમાં કલાકૌશલ્યો પણ વિકાસ જોવા મળે છે. તેમણે અભ્યાસકાળ દરમિયાન પિતાની ફેક્ટરીમાં ઝીકમોમશીનમાં નકશીકામવાળુ કટીંગ કરીને ગણપતિ, મંદિર, ફર્નિચર ઉપર સુશોભન માટે લગાડવામાં આવતી ડિઝાઇન, મંદિરના ગુંબજ વગેરેમાં માસ્ટરી મેળવેલ છે. માતાપિતાના પ્રોત્સાહનથી તેમનામાં સીવણ, ભરતગૂંથણ, પેઇન્ટીંગની કલાઓનો પણ વિકાસ થયો છે. રંગોળી બનાવવામાં એવા બાહોશ કે જયાં હરિફાઇ થાય ત્યાં અવ્વલ નંબર લઇને આવે. હર્ષાબેન ખરાદ મશીન (સંઘેડો) પણ ચલાવતા હતા એટલે તેમને યંત્રવિદ્યા પણ વરી છે તેમ કહીએ તો અતિશયોક્તિ નથી.

ગોપાલભાઇના પરિવારમાં માતાપિતાના ઉચ્ચ સંસ્કારોને પરિણામે પાંચેય દીકરીઓ અભ્યાસમાં પ્રગતિશીલ રહી. હર્ષાબેનના બીજા નંબરના બહેન કીર્તિબેન રાજેશભાઇ ગજ્જર એમ.બી.બી.એ. ડોક્ટર છે. હાલમાં કીર્તિબેન ભાવનગર સિવિલ હોસ્પિટલમાં સેવા આપી રહેલ છે. તેમના ત્રીજા નંબરના બહેન વંદના કિશોરભાઇ બકરાણીયા હાલ અમદાવાદ છે. તેમણે બી.એસ.સી, ડી.બી.એમની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. હાલમાં વંદનાબેન ટ્યુશન એકેડમી ચલાવે છે. ચોથા નંબરના બહેન તૃપ્તિબેન આર્કિટેક્ટ હતા. પાંચમાં નંબરના બહેન હેમાક્ષી જીતેન્દ્રભાઇ ધ્રાંગધરિયા બી.એ. સુધીનો અભ્યાસ ધરાવે છે અને ઇન્ટિરીયલ ડિઝાઇનર છે.

હર્ષાબેનના લગ્ન રાજકોટ નિવાસી છગનભાઇ ભુરાભાઇ ખારેચાના ત્રીજા નંબરના સુપુત્ર સુરેશભાઇ સી. ખારેચા સાથે ૧૯૮૭માં થયા. છગનભાઇ ભુરાભાઇ ખારેચાના ચાર પુત્રો મનહરભાઇ, ભરતભાઇ, સુરેશભાઇ અને અશોકભાઇ. આ ચારેય ભાઓિ છેલ્લા ૨૫ વર્ષથી એમ.બી.મશીન. ટુલ્સ તથા વુડ મેટલ ઇન્ડસ્ટ્રીઝ નામે લેથ મશીનના સ્પેરપાર્ટ્સ, મેન્યુફેક્ચરીંગ તથા સેલીંગનો વ્યવસાય કરે છે. સ્પેરપાર્ટ્સમાં આખાયે રાજકોટ શહેરમાં તથા ભારતમાં તેમની પેઢી અવ્વલ છે તથા સારી શાખ પણ ધરાવે છે.

બચપણથી જ કલાકારીગરીમાં માહેર એવા હર્ષાબેન હાલ રાજકોટ મુકામે તેમના પરિવાર સાથે સ્થાયી થયેલા છે. હર્ષાબેન પતિના પ્રોત્સાહનથી તેમજ કુટુંબના સાથ સહકારથી તેમની કલાકારીગરી ક્ષેત્રે વર્તમાન સમયે પણ સક્રિય છે. તેઓ રાજકોટ મુકામે "આસોપાલવ આર્ટ" નામે આર્ટ ગેલેરી ધરાવે છે. જેમાં ભારતીય સંસ્કૃતિને લગતી વિવિધ વસ્તુઓ બનાવે છે. તેમના સર્જનમાં ગણપતિ, પોટ, પેઇન્ટીંગ, મ્યુરલ, રંગોળી, તોરણ, ચાકડા, સ્વસ્તિક, શુભલાભ, પગલાં વગેરે વસ્તુઓનો સમાવેશ થાય છે. ડેકોરેટીવ માટીની કલાકૃતિ, સિરામીક, વુડન, મેટલ વગેરેથી સુશોભનની કલાકૃતિઓ તૈયાર કરવાાં આવે છે. આ કલાકૃતિઓની ભારત તેમજ વિદેશોમાં પણ સારી એવી માંગ છે. હર્ષાબેન હાલમાં પણ આર્ટ ગેલેરી સંભાળવી ને સાથે સાથે ગૃહસ્થ સંસારજીવનની જવાબદારી પણ નિભાવવી એમ બંને ક્ષેત્રે પ્રવૃત્તિમય જીવન જીવી રહ્યા છે. તેમની એક દીકરી નેહા ફેશન ડિઝાઇનર છે. આ દીકરીના મીતેશ જગદીશભાઇ સંચાણીયા સાથે લગ્ન થયાં છે તથા દીકરો કેવીન મેકાટ્રોનિક્સનો અભ્યાસ કરી રહેલ છે.

હર્ષાબેન ૨૦૦૭માં કન્જુયમેલા ઓફ રોટરી મીડટાઉનમાં ભાગ લીધો હતો અને કન્ઝ્યુમેલાના ૨૫૦ સ્ટોલમાંથી બીજો નંબર મેળવ્યો હતો. મળતાવડો અને હસમુખો સ્વભાવ ધરાવતા હર્ષાબેન ગજબની પોઝીટીવીટી ધરાવે છે અને જીંદગીમાં ખોટી નિરર્થક વાતોને જાકારો આપી માત્ર આગળને આગળ વધવાની નેમ ધરાવે છે. આ તકે એમને અનેક શુભેચ્છાઓ.

# ઉલેચો ભાઈ ઉલેચો દેશની દુર્ગંધનો દરિયો...

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

થોડા મહિનાઓ અગાઉ એક લગ્નપ્રસંગ માટે સુરત જવાનું થયું હતું. ખબર પડી કે આગલી સાંજે વાડીમાં રસોડું હતું ત્યારે કેટરરના રસોઈયાએ શાક હલાવવા માટે જાડી સળીના સાવરણાનો ઉપયોગ કર્યો હતો. યજમાન પક્ષમાંથી કોઈ જોઈ ગયું અને થોડી ચડભડ થઈ. બીજા દિવસે વાત ફેલાઈ ત્યારે જૂજ લોકો જમ્યા નહીં, પણ મોટાભાગનાએ જમી લીધું. લગ્નમાં આવું જ હોય તેમ બોલીને લોકો તેને સહજ રીતે અપનાવી લે છે. મુંબઈમાં એક લગ્નના જમણમાં એક મિત્રના શાકમાં સાબુની નાનકડી ગોટી આવી. દાંત ચીટકવા માંડયા ત્યારે ખબર પડી કે એ પનીર ન હતું. માથેરાનના એક પ્રખ્યાત રિસોર્ટમાં રસોઈયાઓ સ્વિમિંગ પુલમાંથી પાણી ભરીને રસોઈ બનાવતા હતા. ઉતારુઓને ખબર પડી તો હોટેલના સ્ટાફ સાથે મારામારી થઈ ગઈ.

ઉત્તર પ્રદેશ તરફ જતી-આવતી ટ્રેનોમાં મુસાફરો ટોઈલેટમાં થેલીનો તકિયો બનાવી ઊંઘી જાય છે. ફર્સ્ટ કલાસમાં પણ પાનની પિચકારીઓથી ફ્લોર રાતુંચોળ બની જાય. મુંબઈની હોટેલોના બટાટાવડાંમાં પ્રથમ દૃષ્ટિએ તમાલપત્ર જણાય તે દેશી બીડીનું ઠૂંઠું પણ હોઈ શકે. લોકો આરામથી ખાય-પીએ છે. ભાગ્યે જ કોઈને સૂગ ચડે છે. ગંદકી સાથેનો સંબંધ એટલો મજબૂત અને પ્રાકૃતિક બની ગયો છે કે સ્વચ્છતા અને અસ્વચ્છતા વચ્ચે કોઈ ભેદરેખા રહી નથી. લોકોને સફાઈ પસંદ નથી એવું પણ નથી. પણ એ માટેનું વાતાવરણ ખલાસ થઈ રહ્યું હતું. ગંદા રહેવાની માનસિકતા ફૂલીફાલી હતી. કોઈને હાથ હલાવવા ન હતા. જે હલાવવા માંગતા હતા એમને વેદિયા, ચેપલા ગણાવીને હસી કઢાતા હતા.

યુપીએ સરકારના કેન્દ્રીય મંત્રી જયરામ રમેશ એક વખત જાહેરમાં બોલ્યા હતા કે ગંદકી માટે નોબેલ ઈનામ અપાતું હોય તો તે ભારતને મળે અને વર્ષો-વર્ષ મળે! એ વખતે કોંગ્રેસ સહિત તમામ પક્ષોના રાજનેતાઓએ ઉહાપોહ મચાવીને ભારતને ગંદું કહેવા બદલ જયરામ રમેશ પાસેથી માફી મગાવી. આ કૂપમંડૂકો શા માટે સરકારી ખર્ચે વિદેશ પ્રવાસે જતા હશે? એક અત્તર (પરફ્યૂમ) બનાવતી વિદેશી કંપનીએ ભારતમાં પરફ્યૂમ ઉદ્યોગની શક્યતા વિશે સર્વે કરાવ્યો હતો. તો સર્વેમાં જણાવ્યું હતું કે ભારતના લોકો બદબૂથી ટેવાઈ ગયા છે અને સુગંધની તેઓને આદત નથી. એક બે ટીવી ચેનલોના હાથમાં આ તથાકથિત 'સ્કૂપ' આવી ગયો અને ભારતના લોકોનું વિદેશી કંપનીએ અપમાન કર્યું છે એવી કાગારોળ મચાવી દીધેલી. સિંહને કોણ કહે કે તારું મોં ગંધાય છે? વાસ્તવમાં એ ભારતમાં યુવાન વયના લોકોના મોંમાંથી અસહ્ય દુર્ગંધ પ્રગટતી હોય છે. પાન-માવા ખાય છે તેઓને લાગે છે કે તેઓ સુગંધિત દ્રવ્યો ખાય છે, પણ જે નથી ખાતા તેઓથી એ સુગંધ સહન થતી નથી.

વિદેશીઓ ભારતમાં ચોમેર પ્રસરેલી બદબૂ સહન કરી શકતા નથી. કચરાઓ અને મલિનતાના ઢગ જોઈ શકતા નથી. વિદેશીઓ ભારતમાં આવે તે માટે ભારત પાસે ઘણું છે છતાં આવતા બંધ થઈ ગયા. દેશને અબજો ડોલરનું નુકસાન પહોંચે છે અને છતાં દેશપ્રેમ વ્યક્ત કરવામાં કોઈ ભારતીયો કચાશ રાખતા નથી. વિદેશીઓ તો ઠીક, અનેક ભારતીયો ત્રાસી જાય એ હદે ગંદકી વધી ગઈ છે. પ્લાસ્ટિકની સર્વવ્યાપક કોથળીઓ અને પાન-માવાની સરવાણીઓએ કોઈ સ્થળને બાકી રાખ્યું નથી. ધારાવીનો એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી તરીકે ઉલ્લેખ થાય ત્યારે નેતાનું કે પ્રજાનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. દરેક એ આશામાં બેઠા હતા કે બીજો કોઈક આવીને કામ કરશે. નેતા પ્રજાને અને પ્રજા નેતાને દોષ આપતા રહ્યા અને ઈટાલિયન માર્બલથી પોતાનાં ઘર સ્વચ્છ બનાવતા ગયાં. બહાર જે થવું હોય તે થાય.

નરેન્દ્ર મોદી આવ્યા. ઝાડુ હાથમાં લીધું અને શશિ થરૂર, સચીન તેંડુલકર સહિત ઘણા એલિટોને ઝાડુ પકડાવ્યું. આ બંને કોંગ્રેસના. કોંગ્રેસે શશિ થરૂરને સાવધ રહેવા જણાવ્યું, પણ ઉદ્દેશ્ય ઉમદા છે તેથી સચીનનો વિરોધ કરી શકી નથી. સચીને રવિવારે મિત્રો સાથે મુંબઈમાં સારી પેટે સફાઈ કરી. જૂના જોગી દેવ ગૌડાએ પણ આપમેળે કર્ણાટકના એક રેલવે સ્ટેશન પર જઈને ઝાડુ માર્યું. કેટલાક વિવેચકો કહે છે કે મોદીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરીને કોંગ્રેસ પાસેથી ગાંધીજી અને આમ આદમી પક્ષ પાસેથી ઝાડુ ઝૂંટવી લીધાં છે. છેલ્લે છેલ્લે મોદીએ પંડિત નહેરુનું નામ પણ સ્વચ્છતા અભિયાનમાં જોડી દીધું છે. કેટલાક શંકાશીલો આ અભિયાન સફળ નહીં થાય તેવી આગાહી કરે છે. કોઈક આવીને પહેલ કરે તેની રાહ જોઈ રહેલા લોકો અભિયાનથી સચીનની માફક ઉત્સાહમાં આવ્યા છે. વડા પ્રધાનને બુદ્ધિજીવીઓનો ઉત્સાહવર્ધક સાથ મળી રહ્યો છે.

શંકાશીલોની વાત પણ એટલા માટે સાચી લાગી રહી છે કે સદીઓ જૂની આદતોને બદલવાનું સહેલું નથી. એ પણ ૧૨૫ કરોડ લોકોની આદત. મોદી પણ એ સમજે છે કે માત્ર કાયદા ઘડવાથી એ કામ નહીં થાય. પ્લાસ્ટિકની થેલીઓને લગતા કાયદા ભારતમાં છે જ. ઉદ્યોગો વધવાની સાથે ગંદકી વધી છે. મહાનગરોના અને નગરોના કચરાના નિકાલ માટે કોઈ કાયમી અને સુચારુ વ્યવસ્થા નથી. નદીઓ, નાળાંમાં કેમિકલો વહે છે. ભારતનાં શહેરોમાં રોજનો છ હજાર ટનનો પ્લાસ્ટિકનો નવો કચરો જમા થાય છે. ભારત દર વર્ષે છ કરોડ ૮૮ લાખ ટન કચરો પેદા કરે છે. ૬૦ કરોડ ભારતીયો ખુલ્લામાં શૌચ માટે જાય છે, જે વસતિના ૪૮ ટકા થવા જાય. તે સામે ગરીબોના પણ ગરીબ અને અશિક્ષિત ગણાતા દેશો આ બાબતમાં ભારત કરતાં ઘણા સારા છે. શ્રીલંકાની માત્ર એક ટકા, આફ્રિકાના કોંગો દેશની માત્ર આઠ ટકા, બાંગલાદેશની માત્રા ત્રણ ટકા અને અફઘાનિસ્તાનની ૧૫ ટકા પ્રજા ખુલ્લામાં ટોઈલેટ જાય છે. તે સામે બિહાર અને ઓડિસામાં માત્ર ૧૫ ટકા લોકો પાસે ટોઈલેટ છે. ભારતનું સ્વચ્છ રાજય કેરળ છે. ત્યાં ૯૩ ટકાથી વધુ લોકો પાસે ટોઈલેટ છે. શહેરોનાં મળમૂત્ર અને ગટરો નદીઓમાં ઠાલવવામાં આવે છે અને નારદ પુરાણ લખે છે કે કોઈ પણ પાપ આચર્યું હોય તે ગંગામાં ડૂબકી લગાવવાથી મટી જાય છે.

ટૂંકમાં, ભારત તેના સાચા ખોટા વારસા અને ધાર્મિક માન્યતાઓને કારણે ઘણું પીડાય છે. ભારતે કેટલા ફ્રન્ટ પર કેટકેટલી સફાઈ કરવાની રહે છે તે વિચાર જ અકળાવી મૂકનારો છે. શહેરોની પાણીની પાઈપલાઈનો સાથે મળમૂત્રની પાઈપલાઈનોના ભૂગર્ભ સંગમો વારંવાર રચાય છે. ઘણું બધું સડી ગયું છે તે નવું વસાવવાનું રહે છે. ભારત સરકારે સ્વચ્છ અભિયાન માટે વર્ષના ૬૦ હજાર કરોડ ખર્ચવાનો લક્ષ્યાંક રાખ્યો છે પણ કામ એટલું ગંજાવર છે કે જેટલી હોય એટલી રકમ ઓછી પડે. જોકે, તેના ફાયદા ઘણા છે. વિશ્વ બેન્કના તારણ પ્રમાણે સફાઈ માટે ૧૦૦ રૂપિયા વાપરવામાં આવે તો દેશને, પ્રજાને ૯૦૦ રૂપિયાનો ફાયદો થાય છે. સ્વચ્છતા જાળવવાથી વ્યક્તિદીઠ વર્ષના છ હજાર રૂપિયાની બચત થાય. આત્મવિશ્વાસ વધે અને ખુશહાલ વાતાવરણમાં સારાં કામો કરવાની ઈચ્છા થાય. એકંદરે સમગ્ર વ્યવસ્થામાં તાજગી છવાઈ જાય. દિવાળીમાં સફાઈ થવાને કારણે વાતાવરણ આનંદિત લાગે છે. રોગમુક્ત જીવન બીજી ઘણી સારી બાબતોને આમંત્રણ આપે છે. અમરેલીની રામવાડીના એક મંદિરની આસપાસ કોથળીઓ ખેતરમાં ગી હોય તેમ ભેલી જોઈ હતી. બહેનોનું એક સત્સંગ મંડળ નિયમિત મળે છે. તેઓ એક વખત તાળી પાડીને રામ રામ બોલવામાંથી રજા લે અને કોથળીઓ એકઠી કરી લે તો રામ વધુ પ્રસન્ન થશે. પણ એ માટે કોઈક આગેવાની લેનાર હોવું જોઈએ. મોદીએ 'પ્રથમ શૌચાલય, પછી દેવાલય'નો નારો આપ્યો હતો. લોકોમાં જાગૃતિ લાવવાનું કામ ભારતના ર્ધિામક નેતાઓ કરે તે પણ જરૂરી છે. મોરારિ બાપુ સ્વચ્છતાના ખૂબ આગ્રહી છે,પણ બીજા ગુરુઓમાં તે જોવા મળતું નથી. સ્વચ્છતા રાખવાથી નાલેશી સિવાય ભારતની પ્રજાએ કશું ગુમાવવાનું નથી.